**This Question Paper consists of 31 questions and 8 printed pages.**
**આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.**

| **Roll No. / રોલ નંબર** | | | | | | | | | | | | | **Code No. 62/S/N/G / કોડ નં.** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

**Set / સેટ - A**

# GUJARATI
# ગુજરાતી
# (207)

**Day and Date of Examination**
(પરીક્ષાનો વાર અને તારીખ) ______________________

**Signature of Invigilators** 1. ______________________
(નિરીક્ષકની સહી)
2. ______________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **62/S/N/G-A** લખવી.



**UNNATI EDUCATIONS**
**9899436384, 9654279279**

# GUJARATI
# ગુજરાતી
# (207)

**સમય : 3 કલાક]** **[કુલ ગુણ : 100**

**સૂચના :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે ગુણ આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

---

1 મીરાંને સાચું સુખ ક્યાં મળે છે ? **1**

(A) વ્રજમાં (B) મથુરામાં
(C) વૃંદાવનમાં (D) કૃષ્ણના ચરણોમાં

2 ફકીર ________ ફેંકીને મરે છે. **1**

(A) માયા (B) ધન-ધાન્ય
(C) તન-મન (D) ઘરબાર

3 હરિયો ભણવામાં કેવો હતો ? **1**

(A) હોશિયાર (B) ઠોઠ
(C) તેજસ્વી (D) સાધારણ

4 ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યાં ? **1**

(A) નાથૂરામ ગોડસેએ (B) નેહરુજીએ
(C) મિ. એસકમ્બેસે (D) લાર્ડ કર્ઝને

5 જે મરે નહિ તે ________. **1**

(A) અજર (B) અમર
(C) અમીર (D) ગરીબ

6 ઉત્તરાયણ પછી સૂર્ય ________ દિશા તરફ ગતિ કરે છે. **1**

(A) પૂર્વ (B) પશ્ચિમ
(C) ઉત્તર (D) દક્ષિણ



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

7 ગુજરાતી સાહિત્યમાં 'બરકત વીરાણી'નું ઉપનામ છે : 1

(A) અનામ (B) બેફામ

(C) સલામ (D) અખા

8 દર બાર વર્ષે કયો મેળો ભરાય છે ? 1

(A) શરદમેળો (B) કુંભમેળો

(C) પુષ્કરમેળો (D) માઘમેળો

9 યોગ્ય જોડણી લખો : 1

(A) અતિથિ (B) અતિથી

(C) અથિતિ (D) અતીથી

10 'પ્રયાગરાજ'ના લેખક કોણ છે ? 1

(A) પન્નાલાલ પટેલ (B) કાકા કાલેલકર

(C) નરસિંહ મહેતા (D) નર્મદ

11 'સૂર્યનું સેવન' પાઠમાં વૃક્ષોને કોની ઉપમા આપવામાં આવી છે ? 1

(A) ચંચળ માનવીની (B) શાંત દરિયાની

(C) ઉત્સાહી સ્ત્રીની (D) અંતર્મુખ બનેલા યોગીની

12 લાડુના ખર્ચને પહોંચી વળવા દેવશંકરે શું વિચાર્યું ? 1

(A) રાત-દિવસ મહેનત કરવાની (B) ત્રણ દિવસ સુધી એકટાણાં કરવાનાં

(C) ઘરની વસ્તુઓ વેચી નાખવાની (D) ઉછીના પૈસા લાવવાના

13 'ઝીણી આંખો મોટી થઈ જવી' રૂઢિપ્રયોગનો અર્થ છે ________. 1

(A) ભૂલ થઈ જવી (B) આંખમાં ગુસ્સો આવવો

(C) આશ્ચર્ય થવું (D) આંખ પહોળી થવી



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

14 'ટાઢ' અને 'તંદ્રા' પછી શું આવે છે ? 1

(A) સ્ફૂર્તિ અને ચેતના
(B) તડકો અને ચેતના
(C) આબાદી અને ઉન્નતિ
(D) બરબાદી અને અધોગતિ

15 નાયિકાના મનને કયા સ્વજનની સ્મૃતિ વધુ ઘેરી વળે છે ? 1

(A) નાના ભાઈભાંડુની
(B) ખટમીઠા મિત્રોની
(C) કેડેથી વાંકા વળેલા દાદીમાની
(D) વિવિધ રૂપમાં પતિની

16 હરિયો હરિભાઈ ક્યારે થયો ? 1

(A) પરણ્યો ત્યારે
(B) ભણ્યો ત્યારે
(C) પેરિસ ગયો ત્યારે
(D) ફ્રેન્ચ સાહેબને મળ્યો ત્યારે

17 પુષ્પની પાંદડીએ બેસીને કોણ હસે છે ? 1

(A) પ્રિયતમા
(B) ઈશ્વર
(C) નાયિકા
(D) કાનુડો

18 ગાંધીજીને કેવી પરીક્ષા અધૂરી લાગે છે ? 1

(A) મનુષ્યના બાહ્યાચાર પરથી થતી પરીક્ષા
(B) મનુષ્યના અહંકાર પરથી થતી પરીક્ષા
(C) મનુષ્યના દુરાચાર પરથી થતી પરીક્ષા
(D) મનુષ્યના ધર્માચાર પરથી થતી પરીક્ષા

19 કવિ કહે છે કે જન્મ અને મૃત્યુ જીવનનો ક્રમ છે માટે : 1

(A) સારા કર્મ કરવાં
(B) મૃત્યુને હિંમતથી સ્વીકારવું
(C) પાપ કર્મથી દૂર રહેવું
(D) ઈશ્વરનું નામ લેવું

20 પર્વતને ઊંચકનાર ________. 1

(A) પર્વતારોહક
(B) પર્વતાધિપતિ
(C) ગિરધારી
(D) પર્વતારોહણ



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

21 (ક) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) અખાડાના સંચાલકે લેખક વિશે શું શું કહ્યું ?

(ii) 'અક્ષયવટ' ક્યાં છે ? એ વિશે લોકોની શી માન્યતા છે ?

(iii) 'એક પ્રશ્ન' પાઠના આધારે મોટા ભાભીનું આયુષ્ય લાંબું છે. સ્પષ્ટ કરો.

(iv) નાગા બાબાઓને પોલીસનો ડર કેમ લાગતો હતો ?

(v) 'મારી મા' પાઠની નાયિકાની માતામાં કયા-કયા ગુણો હતા ?

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) મોટા ગામમાં બદલી થવાથી દેવશંકરને શું નુકસાન થયું ?

(ii) પવનના આકસ્મિક સ્પર્શને શેની સાથે સરખાવવામાં આવ્યો છે ?

(iii) મારી માની નાયિકાએ પોતાની માતાનો પરિચય કેવી રીતે કરાવ્યો ?

(iv) પતંગ અને દોરાના સહકારથી શું થશે ?

(v) લેખક પ્રયાગરાજ શા માટે ગયા હતા ?

22 (ક) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) 'એ લોકો' કાવ્યમાં કવિને શું થવું છે ? શા માટે ?

(ii) 'અંધકારની પીંછી'ની હાઈકુમાં કોના પર અસર ન થઈ ?

(iii) અખાએ છપ્પામાં કયા ત્રણ દાંભિક આચરણો કહ્યા છે ?

(iv) કાનુડાની બાળલીલાઓનું વર્ણન કરો.

(v) 'જૂનું પિયરઘર' કયા પ્રકારનું કાવ્ય છે ? કવિએ દામ્પત્ય ભાવ કેવી રીતે પ્રકટ કર્યો છે ?

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) વૃંદાવનમાં ગાયો ચરાવવા કોણ જાય છે ?

(ii) 'તને જોઈ જોઈ તોય હું અજાણી' કાવ્યના કવિના સૂતેલા મનને કોણ જગાડી ગયું ?

(iii) કવિ ઉમાશંકર જોષીના મતે ગુજરાતમાં કયા-કયા ધર્મોના લોકો વસે છે ?

(iv) ચંબેલીને કોની વેણીમાંથી સુવાસ પ્રાપ્ત થાય છે ?

(v) ઓસબિંદુ પોતાનામાં કોને સમાવી લે છે ?



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

23 (ક) નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે ? તે લખો. (ગમે તે **ત્રણ**) 3

(i) ''જો તમે ગાંધીને શોધી કાઢો તો તેને તમારે હવાલે કરું.''

(ii) ''કેમ શું છે ? સુખે પેપર પણ નહિ વાંચવા દો.''

(iii) ''માણસ કેવો છે, એની ખબર તો હમણાં જ પડી જશે.''

(iv) ''ના મારે તો કુસ્તી જ કરવી છે.''

(v) ''હું એ ફિલ ટાવર ઉપરથી કૂદી આત્મહત્યા કરીશ.''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનું ભાવસૌંદર્ય લખો : 6

(i) 'આસોપાલવ કપાય ત્યાં, તોરણ અહીં બંધાય.'

(ii) 'સાબરનાં નીતરેલ નીર તું ભલે હો,<br>આજ મારે તો ઝાંઝવાના પાણી.'

(iii) 'તન-મન ફેંકી ફરે, તેનું નામ ફકીર.'

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) દેવશંકરની લાડુ લોલુપતા

(ii) 'કસોટી' પાઠમાં ઉપસતી અંગ્રેજોની ખાસિયતો.

(iii) પ્રયાગરાજનું ધાર્મિક સ્થળ તરીકેનું મહત્ત્વ.

25 ગમે તે **એક** વિશે આશરે **200** શબ્દોમાં નિબંધ લખો : 10

(i) લોકશાહીમાં ચૂંટણીનું મહત્ત્વ

(ii) સ્વર્ણિમ ગુજરાત

(iii) સમાજમાં ફેલાયેલો ભ્રષ્ટાચાર

(iv) નારી તું નારાયણી

(v) એક ઘોડાની આત્મકથા

26 તમારી શાળામાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. 8

**અથવા**

તમારી સોસાયટીમાં નિયમિત સફાઈ થતી નથી, તે અંગેની ફરિયાદ યોગ્ય અધિકારીને કરો.



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : 6

(i) 'વિપત પડે ન વલખીએ વલખે વિપત ન જાય

વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપત ને ખાય.'

(ii) વિદ્યા વિનયથી શોભે છે.

28 નીચેનો **ગદ્યખંડ** ધ્યાનપૂર્વક વાંચી આપેલા સવાલોના જવાબ લખો : 5

**ફકરો :**

અભય એટલે બાહ્ય ભયમાત્રથી મુક્તિ, મોતનો ભય, શસ્ત્રપ્રહારનો ભય, આબરૂનો ભય, કુટુંબ પરિવાર વિશેનો ભય, રોગનો ભય, એમ ભયની વંશાવલી જેટલી લંબાવીએ તેટલી લંબાવી શકાય. એકમાત્ર મોતનો ભય જીત્યો એટલે બધા ભયો જીત્યા એમ સામાન્ય રીતે કહેવાય છે; પણ એ બરોબર નથી લાગતું. ઘણાં મોતનો ભય છોડે છે, છતાં પણ નાના પ્રકારનાં દુ:ખોથી નાસે છે. કોઈ પોતે મરવા તૈયાર હોય છે પણ સગાવહાલાનો વિયોગ સહન નથી કરી શકતા. કોઈ કંજૂસ બધું જતું કરશે, દેહ જતો કરશે, પણ એકઠું કરેલ ધન છોડતાં હેબતાઈ જશે. કોઈ પોતે માનેલી આબરૂ, પ્રતિષ્ઠા સાચવવા અનેક કાળાં ધોળાં કરવા તૈયાર થશે ને કરશે, જગતની નિંદાના ભયથી કોઈ સીધા માર્ગ જાણવા છતાં લેવા અચકાશે. સત્યની શોધ કરનારે આ બધા ભયોને તિલાંજલિ આપ્યે જ છૂટકો. હરિશ્ચંદ્રની જેમ પાયમાલ થવાની તૈયારી હોવી જોઈએ.

**પ્રશ્નો :**

(i) અભય એટલે શું ?

(ii) આપણે કયા-કયા પ્રકારના ભય અનુભવીએ છીએ ?

(iii) સામાન્ય રીતે કયો ભય સૌથી મોટો ગણાય છે ?

(iv) સત્યની શોધ કરનારે શું કરવું જોઈએ ?

(v) ફકરામાંથી વિરુદ્ધાર્થી શોધીને લખો. (1) અસત્ય (2) ઉદાર

29 એક પરિવારની આવક રૂ. 8,000 છે. તેમાંથી રૂ. 4,000 ખાવા-પીવાના ખર્ચમાં વપરાય છે. રૂ. 1,000 કપડાં માટે અને રૂ. 1,000 ઘરભાડામાં ખર્ચાય છે. બાકી રહેલા રૂ. 2,000 બચત પેટે જમા કરવામાં આવે છે. આ વિગતો વર્તુળ આલેખમાં ટકા પ્રમાણે દર્શાવો. 3



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

આઘાત, સ્થૂલ, સંપ, સંધિ

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

દૈત્ય, દરિયો, વખાણ, માતા

(ગ) સંધિ-વિચ્છેદ કરો : (ગમે તે **બે**) 2

ભાવેશ, પ્રત્યેક, સદ્ગુણ, કાર્યાલય

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) 2

મન મનાવી લેવું, રોટલો રળવો, પરસેવો પાડવો, ચીત થવું

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

(1) જેની હદ ન હોય તે __________

(2) વિદ્યા ગ્રહણ કરનાર __________

(3) જે હંમેશાં સાચું બોલે __________

(4) વર્ષમાં એકવાર થાય તે __________

31 નીચે આપેલ રૂપરેખાના આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક આપો : 5

બે મિત્રો..... જંગલમાં ફરવા જવું.... રીંછનો ભેટો થવો.... એકનું ઝાડ પર ચડી જવું.... બીજાનું શબની જેમ સૂઈ રહેવું.... રીંછનું પાસે આવવું.... સૂંઘીને ચાલ્યા જવું.... મિત્રનું નીચે ઊતરવું.... પૂછવું કે તેણે કાનમાં શું કહ્યું ? .... ભય વખતે ભાગી જનાર મિત્રથી ચેતજે' ..... જવાબ ...... બોધ.



UNNATI EDUCATIONS
9899436384, 9654279279